સંવત ૨૦૭૮નું રાશિવાર ભવિષ્ય

થાય. તમે અશકયને શકય બનાવવાની નિરર્થક કોશિષ કરશો.

તા.૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ ફરી તમારા પાંચમા સ્થાનમાં આવશે. જે સંતાનને લગતી તકલીફ આપે. મોટા સંતાનો સાથે મતભેદ રહે. દામ્પત્યજીવનમાં સાધારણ ખટપટો રહે. વડિલોની તબિયતની કાળજી લેવી. આર્થિક અનેક તકલીફોનો સામનો કરવો પડે. નાણાંકીય નુકસાનના યોગ નિશ્ચિત છે. જાહેર જીવનના ક્ષેત્રમાં સભાળવું. પ્રયત્નો કરવા છતાં તમે પારકા કે પોતાના ભેદને દૂર નહીં કરી શકો.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જેથી ભાગ્યવૃદ્ધિમાં વિઘ્નો-અવરોધો આવે. કૌટુંબિક દૃષ્ટિએ તમે વધુ પડતાં ખર્ચાળ બનશો. ભૌતિક જીવનનો મોહ તમે મુકત નહીં કરી શકો, ત્યાગની ભાવના તમને ભોગવવા નહીં દે. અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. પરિવારની અર્થવ્યવસ્થા અને તમારા અંગત વ્યવહાર સંબંધી કોઈ ગેરસમજ ઉભી થવાના યોગ બને. ભાઈભાંડુ તરફથી મન દુઃખ થાય. અહીં પુરુષાર્થ દ્વારા જ તમારું પ્રારબ્ધ નિર્માણ થશે.

તા. ૧-૪-૨૨થી રાહુ તારા આઠમા સ્થાનમાં આવશે. જે આંતરિક-શારીરિક અનેક તકલીફોનો સામનો કરવો પડે. આંતરિક રીતે કૌટુંબિક સંબંધોની તિરાડનો વ્યાપ વધશે. વડિલવર્ગને બિમારીથી સાચવવું. પરિવારની અનેક ઘટનાઓ તમને આંચકા આપશે. લાભ મેળવવાની લાલચમાં આવું ઘણું બધું ગુમાવ્યાનો અનુભવ થશે. વ્યવસાયિક કે અંગત જીવનમાં કોઈ નવીન વ્યકિતનું આગમન થાય.

તા.૧૨-૪-૨૨થી કેતુ તમારા બીજા ધન સ્થાને આવશે. જે કૌટુંબિક ધનસંપત્તિના પ્રશ્ને વિઘ્નો લાવે. તમારી સાથેના પરિવારના સભ્યોનો વ્યવહાર આર્થિક સંકટ, કાનૂન અને આરોગ્યની સમસ્યાના નિર્માણ માટે નિમિત્ત બનશે. સંયુકત પરિવારમાં વિભાજનના યોગ બને. નાણાંકીય સમસ્યાઓ તમને મૂંઝવશે.

સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. હિતશત્રુઓમાં વધારો થાય. સંતાન સંબંધી તકલીફો રહે. આર્થિક અનેક સંકટોનો સામનો કરવો પડે. સામાજિક કાર્યો સાથે સંકળાયેલ અને નોકરી કરતી સ્ત્રીઓને અપમાન સહન કરવા પડે.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળ આપે. અભ્યાસમાં ધીમી ગતિએ મંદ સફળતાના યોગ બને. આંતરિક માનસિક અશાંતિ તમારી પ્રગતિમાં અવરોધ રૂપ બને. પરદેશ જનારા વિદ્યાર્થીઓની આશા પૂર્ણ થતી જણાય.

તુલા રાશિ : (ર.ત.)



વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ચોથા સુખ સ્થાનમાં રહેતા તા. ૨૦-૧૧-૨૦૨૧થી ગુરૂ તમારા પાંચમા સ્થાનમાં આવશે. તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાનમાં આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા ચોથા સ્થાનમાં રહેશે. તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા પાંચમા સ્થાને આવશે. તા. ૧૨-૦૭-૨૦૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા ચોથા સ્થાને આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા આઠમા સ્થાનમાં રહેશે. તેમજ કેતુ વર્ષની શરૂઆતમાં તમારા બીજા ધનભાવે રહેશે. તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા સાતમા ભાગીદારી સ્થાનમાં રહેશે તેમજ કેતુ તમારી રાશિમાં રહેશે. મંગળ તમારી રાશિથી નવમા ભાગ્યભાવ સુધીનું ભ્રમણ પુરૂ કરશે.

તમારા જીવનમાં નવીન વ્યક્તિનું આગમન થાય. ભૌતિક સુખ-સમૃદ્ધિમાં વધારો થાય. તમે તમારી સેવાભાવી વિચાર સરણીને જીવનધ્યેય બનાવશો. નોકરિયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ મળે. સામાજિક કાર્યોમાં તમારો મોહ ઓછો ન થાય તેનું ધ્યાન રાખવું. દસ્તાવેજ સંબંધી કાર્યોમાં સાચવવું. સ્થાવર અંગેના કાર્યોમાં વિઘ્નો અવરોધો આવે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા પાંચમા ભાવમાં આવશે. જે સંતાનની પ્રગતિ કરાવે. શેર-સટ્ટાકીય કાર્યોમાં સફળતા મળવા છતાં સાવચેત રહેવું. વિદ્યાર્થીઓને તેમની ઈચ્છિત લાઈનમાં સફળતા મળે. વ્યવસાયિક મુસાફરી પ્રગતિશીલ નીવડે. તમારો આત્મવિશ્વાસ દૃઢ બને. અહીં તમારો અહમ ઘવાશે. કાનૂની જવાબદારીનો બોજો વધે.

તા. ૧૩-૦૪-૨૨ થી ગુરૂ તમારા છઠ્ઠા સ્થાને આવશે. અહીં તે સ્વગૃહી બને છે. છતાં આ સ્થાન માટે ગુરૂ અનુકૂળ નથી પરંતુ સ્વગૃહી હોવાથી આર્થિક મુશ્કેલીમાં ઘટાડો થાય. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના યોગ સારા બને. ધાર્મિક તેમજ શુભ પ્રસંગોમાં નાણાંનો વ્યય થાય. મિત્રો કે કે સગા-સંબંધીઓથી સાચવવું, કોઈની ઉપર વધુ પડતો વિશ્વાસ મુકવો યોગ્ય નથી. લોન અંગેના કાર્યો સારી રીતે પાર પડે.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા ચોથા સુખ સ્થાનમાં રહે છે. અહીં તમારી અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે ચાલે છે. જે આંતરિક, શારીરિક તકલીફો આપે. તંદુરસ્તીની દૃષ્ટિએ સમય મધ્યમ ગણાય. સ્થાવર મકાન, જમીન સંબંધી કલેશ-કંકાશ થાય. આવક કરતાં નુકસાનના યોગ પ્રબળ બને. વિશ્વાસઘાત જેવી ઘટનાના ભોગ બનવું પડે. વિચારોની ચંચળતા તમને સ્થિર નિર્ણય ન લેવા દે.

તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા પાંચમા સ્થાનમાં આવશે. જે આર્થિક બાબતે અશુભ પરિણામ આપે. અગત્યના નિર્ણયો લેવામાં વિલંબ થતાં તકો ગુમાવવી પડે. જાહેર જીવનના ક્ષેત્રમાં સંભાળવું. આવક કરતાં નુકસાનના પ્રબળ યોગો બને. પાંચમે શનિ બુદ્ધિને ભ્રમિત કરે તેમજ સંતાનો અંગેની તકલીફો આપે. વડીલોની તબિયતની કાળજી લેવી. નાણાંકીય નુકસાનના યોગ નિશ્ચિત છે. નુકસાનથી બચવા નિરર્થક પ્રયત્ન કરશો. પેટ-આંતરડા સંબંધી તકલીફો રહે. કર્મની નિષ્ફળતા દ્વારા જ તમને જ્ઞાન થશે કે બધા કર્મ ફળદાયી હોતા નથી. સંતાન સાથે મતભેદો રહે. કાર્યશીલતામાં ઘટાડો થાય. સંપૂર્ણ આશાવાદી બનવામાં ક્યારેક નિરાશા પણ સાંપડે.

તા. ૧૨-૦૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા ચોથા સુખ સ્થાને આવશે. તમારી આંતરિક, શારીરિક સુખ-શાંતિને હણી લેશે. આર્થિક અનેક નાની મોટી તકલીફોનો સામનો કરવો પડે. નોકરિયાત વર્ગને નોકરીમાં તકલીફકર્તા વધુ રહે. જન્મના ગ્રહોનો સાથ નહી હોય તો નોકરી છૂટી જવાના યોગ પણ બને. ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. મનને મજબૂત રાખી આત્મવિશ્વાસથી સંજોગો સામે બાથ ભીડશો. તમે ગમા-અણગમાની આંટી-ગૂંટીમાં અટવાશો. તમારા વ્યક્તિત્વમાં પરિવર્તન આવતું જોવા મળે. અદૃશ્ય કાર્ય પદ્ધતિના તમે કર્તા બનશો.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા આઠમા સ્થાનમાં રહે છે. જેથી શારીરિક નાની-મોટી તકલીફો વધે. ખાન-પાનની અનિયમિતતા મોટી ગરબડો ઉભી કરે. તમે ગહેરી નિરાશામાંથી બહાર આવતા હોય તેવુ લાગે. વ્યવસાયિક વ્યવહારમાં સાવચેત રહેવું જરૂરી છે. આરોગ્ય બાબતની અનેક તકલીફો આવે. વડિલ વર્ગને મોટી ઘાતક બિમારીના યોગ બને. પરિવારના સભ્યો સાથે મનદુઃખના કારણે તમારી માનસિક સ્થિતિ બગડે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા બીજા ધન સ્થાને રહે છે જેથી પારિવારિક અશાંતિ વધે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો પારિવારિક વિભાજનના યોગ બને. કુટુંબના સભ્યની નાની અમથી ભૂલ નુકસાનના ઉંડા ખાડામાં ઉતારી દે. લોભને વશીભૂત થઈ ન કરવાના કાર્યો કરશો.

તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા સાતમા સ્થાનમાં રહે છે. જે દામ્પત્યજીવનને લગતી તકલીફો રાખે. ભાગીદારીમાં ભાગીદારો તરફથી વિશ્વાસઘાતના યોગ બને. ધંધાકીય નવીન કાર્યોમાં વધારો તકલીફકર્તા નિવડે. સહેજ પણ લાગણી પ્રધાન બનશો તો નાણાંકીય પરિણામ અનુકૂળ નહીં આવે. વિરોધીઓ પર કાબૂ મેળવવામાં અસફળ થવાય. સમજફેરના કારણે પણ ભાગીદારોમાં મનદુઃખના પ્રસંગો બને.

તા. ૧૨-૦૪-૨૨થી કેતુ તમારી રાશિમાં રહે છે. જે તમારી આંતરિક-માનસિક શાંતિને હણી લે. મગજ પર ખોટો બોજો કે ટેન્શનના કારણે તમારા વર્તનમાં ફેરફાર થાય. ખોટા સાહસથી દૂર રહેવું. તમારો જીવન પ્રત્યેનો ઉત્સાહ ઓછો જણાય. માનસિક ટેન્શનના કારણે શારીરિક તકલીફો વધુ રહે. અહીં સંજોગો અને સ્થિતિ કઠીન પરિક્ષાનું નિર્માણ કરશે.

સ્ત્રીઓ માટે :- સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. કૌટુબિંક મતભેદો વધુ રહે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. આવકના પ્રમાણમાં ખર્ચના યોગ વિશેષ બને.

વિદ્યાર્થીઓ માટે :- વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારૂ છતાં વધુ મહેનતનું ફળ સંતોષકારક ન મળે. તમારો આત્મવિશ્વાસ વધશે તો તમે કંઈક સારૂ ફળ મેળવી શકશો. ડિગ્રી પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો કંઈક નિષ્ફળ થતાં જણાય.

વૃશ્ચિક રાશિ : (ન.ય.)

વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહેતા તા. ૨૦-૨૨-૨૧થી ગુરૂ તમારા ચોથા સુખ સ્થાને આવશે. તા. ૧૩-૦૪-૨૦૨૨થી ગુરૂ તમારા પાંચમા સ્થાને આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવતા તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા ચોથા સુખભાવે આવશે. તા. ૧૨-૦૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા સાતમા સ્થાને રહે છે. કેતુ તમારી રાશિમાં રહે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહેશે.જે સાહસિક કાર્યો કરાવે. ભાઈ-ભાંડુથી લાભ થાય. ભાઈ-ભાંડુને આર્થિક લાભ સારા થાય. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે. તમે તમારા અહમને પોષવા ખર્ચાળ નુસ્ખા અપનાવશો. જો કોઈ આડા-અવળા કે અછાજતા કામ કરશો તો જીરવી ન શકાય તેવી નિષ્ફળતાનો સામનો કરવો પડે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા ચોથા સુખભાવે આવશે. અહીં તમને સ્થાવર વાહન સુખ મધ્યમ મળે. ગુરૂ સ્થાન હાનિકર્તા હોવાથી સ્થાવર બાબતે અવરોધો આવે. સ્થાવરના પ્રશ્ને વિલંબ થાય. ખોટી આશાના ચકરાવામાં ફસાઈ જવાના યોગ બને. ધંધા-વ્યવસાયિક અંગે સફળતાના યોગ સારા બને.

તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા પાંચમા સ્થાનમાં આવશે. જે સાહસિક કાર્યો વધારે. તમારી આર્થિક પ્રગતિમાં વધારો થાય. મોટા ભાઈ-બહેન તરફથી સાથ-સહકાર સારો મળે. મિત્રવર્ગથી સાવધાન રહેવું. લાંબાગાળાના રોકાણથી ફાયદો થાય. સંતાનના વિકાસની તકો વધે.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહેશે. જે સાહસિક કાર્યો સારા કરાવે. ભાઈ-ભાંડુ સામે મનદુઃખના પ્રસંગો બને. સંતાન બાબતની તકલીફો રહે. તમારી પુરૂષાર્થ કરવાની શક્તિમાં વધારો થાય. અર્થવ્યવસ્થા સંબંધી કટોકટી સર્જાય. શનિ સંપૂર્ણ રીતે વાસ્તવવાદી ગ્રહ છે. તમારી વફાદારી સત્યના એક જુદા આયામમાં ઉભરી આવશે.

તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા ચોથા સુખ સ્થાનમાં આવશે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી ચાંદીના પાયે શરૂ થશે. જે સંકટ અને મુશ્કેલીઓનો સામનો કરાવે. ધંધા-વ્યવસાયમાં અપયશના યોગ બને. તમારામાં અહંકારનો વધારો થતો જણાશે. સ્થાવર બાબતે અવરોધો-રૂકાવટો આવે. આર્થિક સફળતા તમારાથી દૂર જતી જણાય. તમે એક પ્રકારના શારીરિક, માનસિક, આર્થિક બંધનમાં બંધાઈ જશો.

તા. ૧૨-૦૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા ત્રીજા સ્થાનમાં આવશે. જે તમારા સાહસ પરાક્રમમાં વધારો કરશે. તમારો પુરુષાર્થ, તમારી માનસિક સ્થિતિ તેમજ તમારી વિકટ સમસ્યાઓ આ ત્રણે તમને જુદી જુદી પ્રેરણા આપશે. વધુ મહેનત પરિશ્રમ છતાં સફળતા નહીંવત મળે. નાણાંકીય પ્રશ્નો ઉભા થાય. ધનવાન બનવા માટે અનેક પ્રકારની લાલચથી આકર્ષિત થશો.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા સાતમા સ્થાનમાં રહે છે. જે દામ્પત્યુ જીવનને લગતી તકલીફો રાખે. નાની નાની વાતમાં ઘર્ષણ ઉભું થાય. વ્યવસાયિકોને ભાગીદારી છૂટી થવાના કે ભાગીદારો સાથે અણબનાવના યોગ બને. માનસિક અસ્વસ્થતાના કારણે તમે સામાન્ય સફળતાનો આનંદ ન મેળવી શકો. વિરોધીઓ તમારી વિરૂદ્ધ ષડયંત્ર રચે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા રાશિમાં રહે છે જે તમારી આંતરિક-માનસિક શાંતિને હણી લે છે. ટેન્સનના કારણે તમારા વર્તન અને વ્યવહાર પર ખોટી અસર પડે. તમારો જીવન પ્રત્યેનો ઉત્સાહ ઓછો દેખાય. તમારો સ્વભાવ તામસી તેમજ જિદ્દી બનતો જાય. અહીં સંજોગો અને સ્થિતિ દુર્ભાગ્યનું નિર્માણ કરશે. ખોટા સાહસોથી દૂર રહેવું.

તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા છઠ્ઠા રોગ શત્રુ સ્થાનમાં આવશે. જે આરોગ્ય બાબતની નાની-મોટી તકલીફો આપે. પેટ અને આંતરડાને લગતી તકલીફોથી સાચવવું. નોકરિયાત વર્ગને નોકરીમાં તકલીફો રહે. સાહસ અને જોખમ દ્વારા નાણાંકીય રાહત મેળવી શકો. ધંધાકીય નાણાં ફસાઈ જવાના યોગ બને. મોસાળ પક્ષ તરફથી થોડી તકલીઓનો સામનો કરવો પડે.

તા. ૧૨-૦૪-૨૨થી કેતુ તમારા બારમા વ્યય ભાવે આવશે. જેમાં આર્થિક-શારીરિક તકલીફો વધે. ખર્ચને પહોંચી વળવા અથાગ પ્રયત્ન કરવા પડે. ખોટી લાલચ કે પ્રલોભનો પાછળ દોડશો તો ફસાઈ જશો. તમે ગમા-અણગમા સંબંધી આંતરિક પરિવર્તન અનુભવશો. જવાબદારીની મર્યાદા ઓળંગી જવાય તેવા કાર્યોથી દૂર રહેવું.

સ્ત્રીઓ માટે :- સ્ત્રીઓ માટે આ વર્ષ કસોટીમય ગણાય. વર્ષની શરૂઆતમાં તમારે સાતમે રહેલો રાહુ આંતરિક અશાંતિ વધારે. દાંમ્પત્યજીવનમાં વધુ પડતી ખટપટો રહે. સહનશીલતા રાખશો તો મનદુઃખ ઓછું થશે. વડીલવર્ગ સાથે કારણ વગર મનદુઃખના યોગ બને.

વિદ્યાર્થીઓ માટે :- વિદ્યાર્થીઓ મોટ આ વર્ષ મધ્યમ ફળદાયી ગણાય. આત્મ-વિશ્વાસપૂર્વક સમયનો સદ્ઉપયોગ કરી અભ્યાસમાં આગળ વધવું. અત્યારનો સમય વિદ્યાભ્યાસને ફળદાયી બનાવવા અસમર્થ છે. તેથી કઠિન પરિસ્થિતિનો સામનો કરવો પડે.

Wish you Happy Diwali and Prosperous New Year
સ્વ. કનુભાઈ શિવલાલ શાહ પરિવાર
Rakeshbhai K. Shah 9825322958
Shetalbhai K. Shah 9925133139 9824033139
Dhairya S. Shah 98250 33139
Meet S. Shah 95860 33139
SHREE VINAY TRADERS
SHREE KOTIYARK TRADERS
Ambuja PLUS ROOF SPECIAL
: DISTRIBUTORS :
AMBUJA CEMENT - KAMDHENU STEEL
AGGRAGATES - TRANSPOTATION
B/2, Dist. Shopping Centre, Sector-21, Gandhinagar-382021
M. (O) 98795 22958, 99250 22154
E-mail : dhairyashah95@yahoo.com

Happy New Year
RK Hajipara Mo. 9998743212
RK PHOTO STUDIO
| URGENT PASSPORT | WEDDING PHOTO & VIDEO
PHOTO FRAME | MUG PRINT | T-SHIRT PRINT
B-106, 1st Floor, Super Mall-1, Infocity, Gandhinagar

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના
નૂતનવર્ષાભિનંદન
સંવત-૨૦૭૮ નવા વર્ષ નિમિત્તે પરમકૃપાળુ પરમાત્મા તથા કુદરતી શક્તિઓને પ્રાર્થના... સૌ નગરજનો સુખી રહે, સ્વસ્થ રહે અને સફળતાના શિખરો સર કરે તેવી
વસાહત મહામંડળના સૌ પદાધિકારીઓની શુભેચ્છાઓ... શુભકામનાઓ....
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ

સૌને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

Uren Patel
+91 94260 11008
+91 98242 47007
VAJ INFOMEDIA
Authorised Dealer
DELL EPSON INTEX Lenovo AXIS ball alhua SAMSUNG HIKVISION CP PLUS
Plot No. 18, Shop No. 1, 2nd Floor, Suman Tower, Sector-11, Gandhinagar-382011. Gujarat, India
Phone : (O) 079 232 47007
E-mail : vajinfomedia@yahoo.co.in

Uren Patel
+91 94260 11008
+91 98242 47007
VAJ INTERNATIONAL
Parcle Services
Plot No. 18, Shop No. 1, 2nd Floor, Suman Tower, Sector-11, Gandhinagar-382011. Gujarat, India
Phone : (O) 079 232 47007
E-mail : vajinternational@yahoo.co.in
U.K., U.S.A. & Other Countries Specialist
દેશ-પરદેશમાં પાર્સલ મોકલવા માટેના સ્પેશ્યાલિસ્ટ
DHL UPS DOMINO EXPRESS FedEx TPL

COSMOS C.M.P.L
કોસમોસ ગ્રુપની દિપાવલી પર્વની હાર્દીક શુભકામના
MyCosmosJobs.com
શુભ દિપાવલી
કોસમોસ ગ્રુપ કાર્યક્ષેત્ર
સિક્યુરિટી સર્વિસીસ,
ડિટેકટીવ એન્ડ પ્રાઈવેટ ઈન્વેસ્ટિગેશન,
સ્માર્ટ સિક્યુરિટી સોલ્યુસન (CCTV,etc),
રિક્રુટમેન્ટ / મેનપાવર સર્વિસીસ,
ફેસિલિટી મેનેજમેન્ટ સર્વિસીસ,
પ્લેસમેન્ટ સર્વિસીસ,
પે-રોલ પ્રોસેસિંગ સર્વિસીસ,
હોર્ટિકલ્ચર / ગાર્ડનિંગ સર્વિસીસ,
સ્કિલ ડેવલોપમેન્ટ / ટ્રેનિંગ સર્વિસીસ.
કોસમોસ જોબ પોર્ટલમાં રજીસ્ટર કરાવો અને નોકરી મેળવો
www.mycosmosjobs.com
Celebrating 35+ Years
કોસમોસ મેનપાવર પ્રા.લિ.
વેબ : www.cosmosgroup.in પોર્ટલ : www.mycosmosjobs.com
સંપર્ક : +91 982 511 2727 ઈ-મેલ : cspaliwal@cosmosgroup.in